# મહુધા ના મે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબ શ્રી ની કોર્ટ માં , મુકામ– મહુધા

રે.દિ.કેસ નં.–૧૪/૨૦૨૪

<u>આંક–૦૫ ની વાદી ની સી.પી.સી. ઓ. ૩૯ , રૂલ્સ–૧ તા ૨ મુજબ ની</u>

<u>કામલચાઉ મનાઈ હુકમ મેળવવા નીઅરજી લગત હુકમ</u>

વાદી ઓ તરફે વિ.વ.શ્રી જી.કે. મકવાણા

પ્રતિવાદી ઓ તરફે વિ.વ.શ્રી આઈ.એમ. મલેક

**(૧) વાદી ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી ની ટુંક મા હકીકત :**

મોજે મહીસા, તા. મહુધા, જી. ખેડા ની સીમ ના નવા બ્લોક/સર્વે નંબર– ૪૨૧૬ ,જેનો જુનો બ્લોક/સર્વે નંબર– ૩૪૩૭–૨, જેનુ ક્ષેત્રફળ ૦૦–૦૯–૧૦, આકાર ૦–૮૫, જેનો ખાતા નંબર– ૧૪૪ વાળી જમીન જેના ખુંટ નીચે મુજબ છે.

પુર્વ– બ્લોક નંબર–૫૨૯૭ વાળી જમીન આવેલ છે.

પશ્ચિમે– બ્લોક નંબર–૪૨૧૪ વાળી જમીન આવેલ છે.

ઉતરે– બ્લોક નંબર–૪૨૧૮ વાળી જમીન આવેલ છે.

દક્ષિણે– બ્લોક નંબર–૫૨૬૨ વાળી જમીન આવેલ છે.

ઉપરોકત ચાર ખુંટ ની વચ્ચે દાવાવાળી જમીન આવેલ છે.

આ દાવાવાળી જમીન ના મુળ માલીક પ્રતિવાદી ઓ ના વડીલ હતા. આ પ્રતિવાદી ઓ ના વડીલ ના અવસાન બાદ આ દાવાવાળી જમીન વારસાઈ હકકે આ કામ ના પ્રતિવાદી ઓ ના નામ વારસાઈ હકકે રેવન્યુ રેકર્ડ માં દાખલ થયેલ છે. તેમજ દાવાવાળી જમીન ના ૭/૧૨ માં ફાતમાબીબી ઈબ્રાહીમખાતુ ની વિધવા તથા અમીના ઈબ્રાહીમખાતુ ના દીકરી ના ઓ નુ નામ ચાલે છે અને જેઓ અવસાન પામેલ છે. આમ દાવાવાળી જમીન આ કામ ના પ્રતિવાદીઓ ની માલીકી કબજા ભોગવટા ની આવેલ હતી. જે જમીન વાદી છેલ્લા પચાસ વર્ષ ઉપરાંત થી એટલે કે વાદી ઓ તેમના વડીલો વખત થી આ દાવાવાળી જમીન ખેડતા આવેલ છે. તેની ઉપજ નીપણ પણ વાદી લેતા આવેલ છે. આમ દાવાવાળી જમીન વાદી ના કબજા ભોગવટા માં ચાલતી આવેલ છે.

આ દાવાવાળી જમીન ના પ્રતિવાદી ઓ માલીક હોય અને રેવન્યુ રેકર્ડ માં તેઓ નુ નામ ચાલતુ આવેલ છે પંરતુ વગડે દાવાવાળી જમીન નો કબજો ભોગવટો અમો વાદી નો આવેલ છે. દાવાવાળી જમીન વાદી છેલ્લા પચાસ વર્ષ થી ખેડી વાવી તેની ઉપજ નીપજ પણ લેતા આવેલ છે. સીઝન મુજબ પાક પણ વાદી કરે છે. તેમજ વાદી ચાલુ વર્ષે દાવાવાળી જમીન માં તમાકુ નો પાક કરેલ છે. આમ દાવાવાળી જમીન છેલ્લા પચાસ વર્ષ ઉપરાંત થી વાદી ના કબજા ભોગવટા ઉપર આવેલ હોય અને દાવાવાળી જમીન ખેડી વાવી તેની ઉપજ નીપજ પણ વાદી લેતા આવેલ હોય જેથી વાદી આ દાવાવાળી જમીન ના વિરોધી કબજા થી એટલે કે એડવર્સ પઝેસન થી કાયદા મુજબ માલીક થઈ ગયેલ હોય અને દાવાવાળી જમીન વાદી છેલ્લા પચાસ વર્ષ થી કોઈ ના કોઈપણ જાત ના રોકટોક વિના તથા કોઈ ની દખલગીરી કે હેલો હરકત અંતરાય વિના ખેડી વાવી તેમજ તેની ઉપજ નીપજ વાદી લેતા આવેલ છે. વાદી આ વિરોધી કબજા થી માલીક થઈ ગયેલ હોય અને આ કામ ના પ્રતિવાદી ઓ ને દાવાવાળી જમીન

માં કોઈ લાગ ભાગ હકક હીસ્સો કે હીત સંબધ આવેલ ન હોવા છતા આ કામ ના પ્રતિવાદી ઓ ના મન માં લોભ લાલચ ઉભી થયેલ હોય આ કામ ના પ્રતિવાદી ઓ ચેનકેન પ્રકારે દાવાવાળી જમીન વાદી પાસે થી પડાવી લેવા માટે ના પ્રયત્નો કરી રહેલા નુ વાદી ની જાણ માં આવેલ. તેમજ આ કામ ના પ્રતિવાદી નંબર-૧ તથા ૨ ના ઓ એ દાવાવાળી જમીન વાદી પાસે થી પડાવી લેવા માં લેન્ડ ગ્રેબીંગ ની ફરીયાદ કરેલ છે. જે ફરીયાદ અન્વયે દાવાવાળી જમીન નુ મહુધા મામલતદાર કચેરી ના અધિકારી પંચનામુ પણ કરી ગયેલ છે. જે પંચનામા માં પણ દાવાવાળી જમીન નો કબજો ભોગવટો વાદી નો આવેલ છે. જે તમામ હકીકત આ કામ ના પ્રતિવાદી ઓ સારી રીતે જાણતા હોવા છતા આ કામ ના પ્રતિવાદી ઓ વાદી પાસે થી ગેરકાયદેસર રીતે દાવાવાળી જમીન નો કબજો ભોગવટો પડાવી લેવા માગતા હોય વાદી એ આ કામ ના પ્રતિવાદી ઓ ને તારીખ-૦૧/૦૩/૨૦૨૪ ના રોજ મળેલ અને જણાવેલ કે દાવાવાળી જમીન ના તેઓ વાદી કાયદા મુજબ ના વિરોધી કબજા થી એટલે કે એડવર્સ પઝેસન થી માલીક થઈ ગયેલ હોય અમો વાદી ના દાવાવાળી જમીન ના કબજા ભોગવટા માં કોઈ દખલ અંતરાય કે હેલો હરકત કરવી કરાવવી નહી કે વાદી ની માલીકી કબજા ભોગવટા માં કોઈ દખલ અંતરાય કે હેલો હરકત કરવી કરાવવી નહી અને વાદી ની માલીકી કબજા ભોગવટા વાળી જમીન મા ગેરકાયદેસર પ્રવેશ કરવો કરાવવો નહી તેવુ જણાવેલ જેથી આ કામ ના પ્રતિવાદી ઓ જણાવતા હતા કે દાવાવાળી જમીન માં અમો પ્રતિવાદી ઓ નુ નામ ચાલતુ હોય અમો પ્રતિવાદી ઓ આ દાવાવાળી જમીન અન્ય ત્રાહીત ને વેચાણ કરી દેવાના છીએ તેમજ દાવાવાળી જમીન નો કબજો ભોગવટો પણ તમારી પાસે થી પડાવી લેવા ના છીએ તેમજ દાવાવાળી જમીન ઉપર ગીરો બોજો પણ કરી લેવા ના છે , તારા થી જે થાય તે કરી લેજે. તેવી ધમકી આપવા લાગેલા હતા જેથી વાદી ના ઓ એ આ હાલ નો

દાવો દાખલ કરેલ છે અને આ દાવા ની સાથે આ દાવા ના આખરી નીકાલ ના થાય ત્યા સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલ ની અરજી આપેલ છે અને દાદ માગેલ છે કે --

-- દાવાવાળી જમીન વાદી ખેડ ખાતર પાણી કરીએ છીએ તેની ઉપજ નીપજ લે છે અને તેમા આ કામ ના પ્રતિવાદી ઓ જાત કે તેમના નોકર એજન્ટો મારફતે કોઈ દખલ ગીરી હેલો હરકત કરે કરાવે નહી કે દાવાવાળી જમીન અન્ય કોઈ ત્રાહીત ને ટ્રાન્સફર કરે કરાવે નહી કે દાવાવાળી જમીન ઉપર કોઈ ગીરો બોજો ઉત્પન્ન કરે કરાવે નહી કે દાવાવાળી જમીન નુ પઝેસન વાદી પાસે થી કાયદેસર ની પ્રોસીજર કર્યા સિવાય લે લેવડાવે નહી તેઓ કામચલાઉ મનાઈ હુકમ આ કામ ના પ્રતિવાદી ઓ ના વિરુધ્ધ માં દાવા ના આખરી નિકાલ થતા સુધી ફરમાવવા મે. કરશોજી.

(૨) **પ્રતિવાદી નો જવાબ :-**

વાદી એ સદરહુ દાવો તથા આ મનાઈ અરજી અરજી દાખલ કરતા આ કામના પ્રતિવાદી ઓ વિરુધ્ધ સમન્સ તથા કારણોદર્શક નોટીસ કાઢવા માં આવેલ છે. આ તમામ પ્રતિવાદી ઓ નોટીસ બજતા તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે અને આંક-૧૭ થી વાદી ની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજી નો સયુકત જવાબ આપેલ છે. આ જવાબ માં પ્રતિવાદી ઓએ મહંદ અંશે વાદી ના દાવા અરજી તથા મનાઈ અરજી ની હકીકત ખોટી છે તેમ જણાવેલ છે અને તેઓ એ મુખ્યત્વે બચાવ લીધેલ છે કે -- '' પ્રતિવાદી ઓ ને ગેરકાયદેસર નુકસાનપહોચાડવા ના બદ આશય બદ ઈરાદે વાદી એ ગેરકાયદેસર લાભ થાય તેવા બદ ઈરાદા થી અને ખોટી રીતે દબાણ લાવી નાણા પડાવવા માટે બદ ઈરાદા થી આંક-૧ થી દાવા અરજી તથા આંક- ૫ ની મનાઈ અરજી કરેલ છે. , વાદી નો દાવો તથા મનાઈ અરજી કરવા માટે નુ કોઈ

કોઝ ઓફ એકસન ઉભુ થયેલ નથી., વાદી ના ઓ એ તેઓ ની દાવા અરજી તથા મનાઈ અરજી માં જણાવેલ ખુટ સાચા નથી., વાદી ઓ દાવાવાળી જમીન છેલ્લા પચાસ વર્ષ થી એટલે વાદી ઓ ના વડીલો વખત થી ખેડતા આવેલ હોવાની કે, તેની ઉપજ નીપજ પણ વાદી ઓ લેતા હોવાની , તથા દાવાવાળી જમીન વાદીના કબજા ભોગવટા માં આવેલા ની હકીકત પણ ખરી નથી., પ્રતિવાદી ઓ ની માલીકી અને કબજા ભોગવટા વાળી જમીન નો વેરો, ટેક્ષ, વિઘોટી પ્રતિવાદી ઓ ભરે છે., વેરા તથા ટેક્ષ તથા વિઘોટી ભર્યા ની પહોંચો પણ પ્રતિવાદી ઓ ના નામે ચાલે છે., દાવાવાળી જમીન સને ૧૯૯૪–૯૫ થી ઈબ્રાહીમખાતુ નામ ગુજરી જવાથી પ્રતિવાદી ઓ ના વારસદારો તરીકે નામ દાખલ થયેલા જેમા પ્રતિવાદી ઓ ના માતૃશ્રી ફાતમાબીબી ઈબ્રાહીમભાઈ ખાતુભાઈ ની વિધવા તથા અમીનાબીબી ઈબ્રાહીમભાઈ ખાતુભાઈ ની દીકરી,હલીમાબીબી ઈબ્રાહીમભાઈ ખાતુભાઈ ની દીકરી, હનીફાબીબી ઈબ્રાહીમભાઈ ખાતુભાઈ ની દીકરી ત્રણ દીકરી ઓ છ , જે પૈકી અમીના ઈબ્રાહીમખાતુ ની ની દીકરી અવસાન થયેલા નુ આ કામ ના વાદી જાણતા હોવા છતા તેઓ ને પક્ષકાર તરીકે જોડેલ નથી., જેથી પક્ષકાર ની ખામી નો બાધ નડે છે., પ્રતિવાદી ઓ ખેડુત ખાતેદાર મા અને કબજેદાર માં સને ૧૯૯૪–૯૫ થી સરકારી દફતરે નામ આવેલુ તો તે એન્ટ્રી ફેરફાર નોધ ની સામે વાદી ઘ્વારા આજ દીન સુધી રેવન્યુ રાહે આ એન્ટ્રી ચેલેન્જ કરવા માં આવેલ નથી., જેથી વાદી ના દાવા ને સમય મર્યાદ નો પણ બાધ નડે છે., વાદી પોતાની દાવા અરજી માં પ્રતિવાદી નો કબજો હતો તે હકીકત કબુલ રાખે છે., વાદી સોંગઘ ઉપર એવુ જણાવે છે કે હાલ તેઓ ની ઉમર ૬૨ વર્ષ ની જણાઈ આવે છે અને દાવા અરજી તથા મનાઈ અરજી ના પ્લીડીંગ માં તેવુ જણાવે છે કે સને ૧૯૯૪–૯૫ ની સાલ મા જયાર થી વડીલો પાર્જીત મિલકત માં વારસાઈ થઈ

ત્યાર થી પ્રતિવાદી ઓ કબજો આવેલ હોવાનુ સ્પષ્ટ જણાવતા હોવા છતા વાદી પોતાની દાવા અરજી તથા મનાઈ અરજી માં તેવુ જણાવે છે કે છેલ્લા પચાસ વર્ષ થી ખેડી તથા વાવી અને ઉપજ નીપજ લેતા આવેલ છે તે ત્રણેય હકીકત વિપરીત છે અને નામદાર કોર્ટ ને ગેરમાર્ગે દોરેલ છે., જો વાદી તેમ કહેતા હોય કે તેઓ નો પચાસ વર્ષ થી કબજો છે તો આજથી પચાસ વર્ષ પહેલા વાદીની ઉમર બાર વર્ષ ની હોય અને તે સમયે તે સગીર વય ના હોય, દસ્તાવેજી પુરાવા ને ધ્યાને લેતા વાદી ધ્વારા તેઓ ના કબજા અંગે ખાત્રી પુર્વક ના દસ્તાવેજી પુરાવા હાલના કામે વાદી એ રજુ કરેલ નથી., દાવા ની હકીકત તથા દાવા ના પ્લીન્થ માં માગેલ દાદો કબજા અંગે ના વિરુધ્ધ પડતી હોયઆ કામ ના વાદી ધ્વારા પ્રતિવાદી ઓની ખેતી વિષયક જમીન પડાવી લેવા માટે ખોટી રીતે કાયદા ની જોગવાઈ ઓ નો ઉલ્લઘન કરી સીવીલ પ્રોસીજર કોડ ની કલમ-૯ હેઠળ ખોટો દાવો કરેલ છે જે પ્રથમદર્શનીયરીતે જણાઈ આવે છે જેથીવાદી નો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ છે. ''

(૩) **પક્ષકાર ના ઓના વિ.વ.શ્રી ની દલીલો :--**

(૩.૧) વાદી ના ઓ ને તરફે આંક-૨૭ થી લેખીત દલીલો રજુ કરવા માં આવેલ છે જે વંચાણે લીધી. વધુ માં વાદી ના વિ.વ.શ્રી ની મુખ્યત્વે રજુઆત છે કે, પ્રતિવાદી ના ઓ એ લેન્ડ ગ્રેબીગ ની અરજી કરેલ અને તેમા ચીફ ઓફીસર રૂબરૂ વાદી નો ચાલીસ વર્ષ નો કબજો આવેલ હોવાની હકીકત કબુલ મંજુર રાખેલ છે., વાદીનો કબજો આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે., વાદી નો પ્રથમદર્શનીય કેસ છે., દાવા ના આખરી નિકાલ સુધી જો વાદી ને કામચલાઉ મનાઈ હુકમ આપવા માં ન આવે તો રેવન્યુ રેકર્ડ પ્રતિવાદી ઓ ના નામે ચાલે છે જેથી તેઓ દાવાવાળી જમીન અન્ય ને વેચી દે તો અન્ય લીટીગન્ટો ઉભા થાય અને વાદી ને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાન જવાની સંભાવના

છે., જેથી આ તમામ હકીકત તથા દસ્તાવેજી પુરાવા તથા લેખીત દલીલો ધ્યાને રાખી અને વાદી ની કામલચાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજી મંજુર કરી અને માગ્યા મુજબ નો મનાઈ હુકમ આપવા અરજ છે.

(૩.૨) પ્રતિવાદી તરફે આંક–૨૮ થી લેખીત દલીલો રજુ કરવા માં આવેલ છે જે વંચાણે લીધી. વધુ માં પ્રતિવાદી ના ઓ ના વિ.વ.શ્રી ની મુખ્યત્વે રજુઆત છે કે, આ દાવાવાળી જમીન હાલ રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી ઓ ના નામ આવેલ છે., દાવાવાળી જમીન ઉપર વાદી નો કબજો આવેલ નથી., વાદી તરફે લેન્ડ ગ્રેબીંગ ની અરજી ની નકલ રજુ કરવા માં આવેલ છે તેમા તમામ પ્રતિવાદીઓ ની સહી ઓ આવેલ નથી., હાલ ના કામે વાદીના દાવા ને સમયમર્યાદા નો પણ બાધ નડે છે. વાદી ના દાવા ને પક્ષકાર ની ખામી નો પણ બાધ નડે છે., વાદી પોતાનો કબજો દર્શાવતા કોઈ પુરાવા હાલના કામે રજુ કરેલ નથી., વાદી એ પોતાની દાવા અરજી તથા મનાઈ અરજી માં ખોટી હકીકતો જણાવેલ છે., જેથી આ તમામ હકીકત તથા તેઓ ની લેખીત દલીલો ધ્યાને રાખી અને વાદી ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજી રદ કરવા અરજ છે.

(૪) **નિર્ણય માટે ના મુદદા :––**

(૧) શુ વાદી નો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શુ સગવડતા–અગવડતા નુ પલ્લુ વાદી ના તરફેણ માં છે ?

(૩) શુ વાદી ના તરફેણ માં માગ્યા મુજબ નો મનાઈ હુકમ ન આપવા માં આવે તો વાદી ને નાણા થી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાનો સંભવ છે ?

(૪) શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદદા ના નિર્ણય નીચે મુજબ ના છે.

(૧) હકાર માં

(૨) હકાર માં

(૩) હકાર માં

(૪) આખરી હુકમ મુજબ

--: નિર્ણય અંગે ના કારણો :--

(૬) **<u>મુદદા નંબર-૧</u>**

શુ વાદી નો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ તે અનુસંધાને રેકર્ડ ધ્યાને લઈ એ તો --

## (૬.૧) નિર્વિવાદીત હકીકતો :--

સૌપ્રથમ તો વાદી ની દાવા અરજી તથા તેની સાથે રજુ કરવા માં આવેલ દસ્તાવેજી પુરાવા તથા પ્રતિવાદી ઓ તરફે રજુ કરવા માં આવેલ દાવા અરજી નો તથા મનાઈ અરજી નો જવાબ તથા રજુ કરવા માં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા નીચે ની હકીકત નિર્વિવાદીત છે તે હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવે છે.

❖ દાવાવાળી જમીન તે હાલ રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદી ઓ ના નામે ચાલે છે.

## (૬.૨) દાવાવાળી મિલકત ઉપર ના કબજા અનુસંધાને :--

હવે હાલ ના કામે વાદી ની દાવા અરજી તથા મનાઈ અરજી ધ્યાને લઈ એ તો વાદી પક્ષ નો કેસ તેવો છે કે આ દાવાવાળી જમીન મોજે ગામ મહીસા, તા. મહુધા, જી. ખેડા ની સીમ ના નવા બ્લોક /સર્વે નંબર-૪૨૧૬, જેનો જુનો બ્લોક/સર્વે નંબર- ૩૪૩૭-૨ વાળી જમીન તેઓ ના પ્રત્યક્ષ કબજા

ભોગવટા માં આવેલ છે અને તેઓ એડવર્સ પઝેસન થી માલીક થઈ ગયેલ છે. હવે આ તકરાર અનુસંધાને રેકર્ડ ધ્યાને લઈએ તો --

સૌપ્રથમ વાદી તરફે માર્ક-૨૯/૧ વાળો જે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માં આવેલ છે તે ધ્યાને લઈએ તો તે ગુજરાત જમીન પચાવવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ હેઠળ ની અરજી છે. હવે આ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈએ તો તે આપનાર અરજદાર તરીકે મહંમદહનીફ ઈબ્રાહીમભાઈ શેખ રહે. કપડવંજ, જી. ખેડા તેવુ જણાવેલ છે. વધુ માં આ અરજી માં જ જમીન ની વિગત જણાવેલ છે તે ધ્યાને લઈએ તો તે હાલના કામે જે દાવાવાળી જમીન છે તે જ છે., વધુ માં આ માર્ક-૨૯/૧ વાળા દસ્તાવેજ માં જમીન ના ૭/૧૨ મુજબ ના ખાતેદાર તરીકે હાલ ના પ્રતિવાદી ઓ ના નામ જણાવેલ છે અને સામવાળા /પ્રતિવાદી માં આ અરજી માં નામ હાલ ના કામે જે વાદી ઈશાકમહંમદ ગુલામરસુલમ ના ઓ નુ નામ જણાવેલ છે. આમ આ હાલ ના કામ ના પ્રતિવાદી મહંમદહનીફ ઈબ્રાહીમશેખ ના ઓ એ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ હાલ ના વાદી વિરુધ્ધ આ અરજી આપેલ છે અને તે દાવાવાળી જમીન બાબત ની છે તેવુ જણાઈ આવે છે. વધુમાં માર્ક-૨૯/૨ વાદી તરફે જે રજુ કરવા માં આવેલ છે તે ધ્યાને લઈ એ તો તે પ્રતિવાદી મહંમદહનીફ ઈબ્રાહીમભાઈ ના ઓ નો સર્કલઓફીસ મહુધા ના ઓ ની રૂબરૂ નો જવાબ છે. તે જવાબ માં નોધેલ છે કે આ જમીન ઈશાકભાઈ રસુલભાઈ વોરા ના ગેરકાયદેસર ભોગવટા માં આવેલ છે અને આ જમીન નો કબજો તેઓ આશરે ચાલીસ વર્ષ થી ધારણ કરેલ છે., આ જવાબ માં પ્રતિવાદી મહંમદહનીફ ઈબ્રાહીમભાઈ ના ઓ ની સહી પણ આવેલ છે અને રૂબરૂ માં સર્કલ ઓફીસર મહુધા ના ઓ ની સહી આવેલ છે. વધં મા આ વાદી તરફે માર્ક-૨૯/૩ થી ખેડા જીલ્લા કલેકટર કચેરી ના લેટર પેડ ઉપર ઈ.ચા. અધિકચીટનીશ ટુ કલેકટર -ખેડા નડીયાદ ના ઓ એ આ પ્રતિવાદી

મહંમદહનીફ ઈબ્રાઈમભાઈ શેખના ઓ ને તેઓ ની લેન્ડ ગ્રેબિગ ની અરજી આ હાલ નો દાવો ચાલતો હોવાના કારણે તથા બાબત સીવીલ નેચર હોવાના કારણે દફતરે કરેલ છે તે જાણ કરતો પત્ર રજુ કરવા માં આવેલ છે. આમ આ ત્રણેય દસ્તાવેજી પુરાવા આધારે સદરહુ દાવાવાળી જમીન ઉપર વાદી નો કબજો આવેલ હોવાની હકીકત પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે., આ ત્રણેય દસ્તાવેજ ખોટા છે આ માર્ક–૨૯/૧ તથા ૨૯/૨ વાળા દસ્તાવેજ ઉપર પ્રતિવાદી મહંમદહનીફ ના ઓ ની સહી આવેલ નથી તેવી કોઈ વાંધા અરજી કે તકરાર હાલ ના તબકકે પ્રતિવાદી તરફે લેવા માં આવેલ નથી. જેથી આ ત્રણેય દસ્તાવેજી પુરાવા આધારે દાવાવાળી જમીન ઉપર વાદી નો કબજો આવેલ હકીકત પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. આ પ્રતિવાદી મહંમદહનીફ ઈબ્રાહીમભાઈ ના ઓ એ જ આ હાલ ના વાદી વિરુઘ્ધ આ દાવાવાળી જમીન અનુસંધાને લેન્ડ ગ્રેબીગ એકટ હેઠળ ની અરજી કરેલ છે. આ અરજી તેઓ એ કરેલ નથી તેવો કોઈ બચાવ પ્રતિવાદી તરફે લીધેલ નથી. જેથી આ દાવાવાળી જમીન ઉપર વાદી પોતાનો કબજો આવેલા ની હકીકત જે વાદી જણાવે છે તે આ દસ્તાવેજી પુરાવા ના આધારે પ્રથમદર્શનીય રીતે સાચી હોવાનુ જણાઈ આવે છે. જેથી આ તમામ હકીકત ને ઘ્યાને લેતા વાદી નો પ્રથમદર્શનીય કેસ છે તેવુ જણાઈ આવે છે. આથી મુદ્દા નંબર–૧ નો જવાબ હકાર માં આપુ છુ.

(૮) <u>**મુદદા નંબર–૨ તથા ૩**</u>

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ દાવાવાળી જમીન માં હાલ વાદી નો પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ છે તેવુ પ્રથમદર્શનીય રીતે રેકર્ડ ઉપર આવેલ છે. આ કબજો વિરુઘ્ધ ના કબજા થી છે કે નહી તે પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ નથી. પંરતુ કબજો વાદી નો છે તેવુ પ્રથમદર્શનીય રીતે રેકર્ડ ઉપર આવલ છે જેથી વાદી ને માગ્યા મુજબ નો મનાઈ હુકમ ના આપવા માં આવે તો વાદી ઓ ને

ખેતી કામ કરવા માં તથા ખેતી ની ઉપજ નીપજ લેવા માં તકલીફ પડે જેથી નાણા માં આંકી ન શકાય તેવુ નુકસાન થવાની સંભાવના જણાઈ આવે છે. તેનાથી વિપરીત વાદી ને આ મનાઈ હુકમ આપવા થી પ્રતિવાદી ઓ ને અગવડતા નો સામાનો કરવો પડે તેવી શકયતા નથી. , તેમજ તેમને કોઈ નાણા માં આંકી ન શકાય તેવુ નુકસાન થવાની સંભાવના નથી, તેથી સગવડતા ની સમતુલા તથા નાણા માં ન આંકી શકાય તેવુ નુકસાન થવાની સંભાવના તે બંને વાદી ના તરફેણ માં છે તેવુ અત્રે ની અદાલત નુ નમ્રપણે માનવુ છે. જેથી મુદદા નંબર–૨ તથા ૩ નો જવાબ હકાર માં આપવા માં આવે છે.

(૯) <u>**મુદદા નંબર–૪**</u>

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મનાઈ હુકમ મેળવવા ના ત્રણેય તત્વો વાદી પોતાની તરફેણ માં પુરવાર કરી શકેલ છે. વાદી દાવાવાળી મિલકત નો પ્રત્યક્ષ કબજો ધરાવે છે તે પ્રથમદર્શનીન રીતે માની શકાય તેટલી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુ માં ઉપરોકત નોંધેલ છે તે મુજબ આ દાવાવાળી જમીન હાલ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી ઓ ના નામે ચાલે છે અને તે નિર્વિવાદીત હકીકત છે. જેથી તેઓ અન્ય કોઈ ને ટ્રાન્સફર કરી દે તો નવા લીટીગન્ટો ઉભા થવાની શકયતા છે આ હકીકત તથા વાદી નો કબજો પ્રોટકેટ કરવો હાલ ના તબકકે જરૂરી જણાઈ આવેલ છે જેથી વાદી માગ્યા મુજબ નો મનાઈ હુકમ મેળવવા માટે હકદાર બને છે તેવુ અત્રે ની અદાલત નુ નમ્રપણે માનવુ છે. જેથી મુદદા નંબર–૪ અન્વયે નીચે મુજબ હુકમ કરવા માં આવે છે.

## <u>હુકમ</u>

(૧) વાદી ની હાલ ની કામચલાઉ મનાઈ હુકમ ની અરજી મંજુર કરવા માં આવે છે.

*B.M.Parmar*
*Principal Civil Judge,4 Mahudha*

(૨) મનાઈ અરજી ના પેરા નંબર–૧ માં જણાવ મોજે મહીસા, તા. મહુધા, જી. ખેડા ની સીમ ના નવા બ્લોક/સર્વે નંબર– ૪૨૧૬ ,જેનો જુનો બ્લોક/સર્વે નંબર– ૩૪૩૭–૨, જેનુ ક્ષેત્રફળ ૦૦–૦૯–૧૦, આકાર ૦–૮૫, જેનો ખાતા નંબર– ૧૪૪ વાળી દાવાવાળી જમીન આ કામ ના પ્રતિવાદી ઓ જાતે કે તેમના નોકરો , એજન્ટો મારફતે દાવાવાળી જમીન ના વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટા માં કોઈ પણ પ્રકાર ની દખલગીરી , હેલો, હરકત, અંતરાય કરવી કરાવવી નહી તેમજ આ દાવાવાળી જમીન અન્ય કોઈ ને ટ્રાન્સફર કરવી કરાવવી નહી તેમજ આ દાવાવાળી જમીન ઉપર ગીરો બોજો ઉત્પન્ન કરવો કરાવવો નહી તેમજ આ દાવાવાળી જમીન નો કબજો વાદી પાસે થી કાયદેસર ની પ્રોસીજર કર્યા સિવાય લે લેવડાવવો નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવા ના આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વાદી ની તરફેણ માં અને પ્રતિવાદી ઓ ની વિરુધ્ધ ફરમાવવા નો હુકમ કરવા માં આવે છે.

(૩) અરજી ના ખર્ચ નો નિર્ણય દાવા ના આખરી નિર્ણય ને અનુસરશે.

(૪) સદર કામે દાવા ના ઈસ્યુ ફ્રેઈમ કરી દેવા માં આવેલ છે જેથી બંને પક્ષકારો એ ત્રણ માસ માં પોતાના તમામ પુરાવા રજુ કરી દેવા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ– મહુધા (ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)
તા.૧૭/૦૨/૨૦૨૫ પ્રિન્સિ. સિવિલ જજ, મહુધા
(કોડ નં.જીજે.૦૧૩૪૮)

*B.M.Parmar*
*Principal Civil Judge,4 Mahudha*